## પ્રકરણ-૩

---

## દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતિ

રાજકોટ શહેરના પોલીસ કમિશનરશ્રી પાસે કાયદો અને વ્યવસ્થાને લગત તેમજ વહિવટી બાબતોનો આખરી નિર્ણય તેઓ જાતે સત્તા મર્યાદામાં કરે છે. તદ્ઉપરાંત વિભાગીય કક્ષાએ તાબાનાં પોલીસ સ્ટેશન/કચેરી/શાખાને લગત બાબતોનો નિકાલ અધિક પોલીસ કમિશનરશ્રી તથા નાયબ પોલીસ કમિશનરશ્રીઓ તેઓને મળેલ સત્તા મર્યાદામાં કરે છે. જ્યારે પોલીસ સ્ટેશન કક્ષાએ કોઇ વહીવટી નિર્ણયો લેવાના હોતા નથી માત્ર ગુન્હાને સંબંધિત કામગીરી અંગે પ્રથમ તબક્કે ફરીયાદ નોંધી તે અંગેની પુરતી તપાસ હાથ ધરી પુરાવાઓ, મુદ્દામાલ વગેરે મેળવી જરૂરી જણાય તો નિષ્ણાંતનો અભિપ્રાય મેળવીને નામદાર કોર્ટમાં ગુન્હાને લગતુ ચાર્જશીટ કરવામાં આવે છે. કોર્ટની મુદતોએ હાજર રહી ગુન્હેગારોને કાયદા મુજબ સજા થાય તે માટે સતત પ્રયત્ન કરી આખરી નિકાલ થતા સુધીની કાર્યવાહી કરવામાં આવે છે.